# કેલિફોર્નિયા વિક્ટિમ કૉમ્પનસેશન ઍન્ડ ગવર્મેંટ ક્લેઈમ્સ બોર્ડ

# હકીકતની શીટ

પબ્લિક અફેસ અન્ડ કમ્યૂનિકશન સકશન

## દ્વેષ અને પૂર્વગ્રહના ગુનાઓના ભોગ બનતી વ્યક્તિઓને કાર્યક્રમ મદદ કરે છે

*યુનાઈટેડ સ્ટેટ્સ પરના તાજેતરના આંતકવાદીઓના હુમલાઓએ, આરબ અમેરિકનો, મુસલમાન અમેરિકનો, મિડલ ઈસ્ટ ક્ષેત્રના લોકો અને બીજાઓ પર થતી હિંસક ક્રિયાઓ અને મૃત્યુના ડર અને ભયને વધારી દીધા છે. આ હુમલાઓ ગેરકાયદેસર અને ખોટા છે, અને વિક્ટિમ કૉમ્પનસેશન ઍન્ડ ગવર્મેંટ ક્લેઈમ્સ બોર્ડ (ગુનાના ભોગ બનતી વ્યક્તિઓના નુકસાન ભરપાઈ અને સરકારના દાવા માટેનો વિભાગ), રાષ્ટ્રના બધા નેતાઓ સાથે જોડાઈ, આ હુમલાઓને દોષી જાહેર કરી રહ્યા છે.*

*આ વિક્ટિમ કૉમ્પનસેશન પ્રોગ્રામ,* કોઈપણ કેલિફોર્નિયાના રહેવાસીને, જેને દ્વેષ અથવા પૂર્વગ્રહના ગુનાની ધમકી મળી હોય કે એના પરિણામે ઈજા પહોંચી હોય, એને નાણાંકીય રીતે રકમ પાછી વાળવાનું ઉપલબ્ધ કરે છે.

ગુનાના ભોગ બનવાના પરિણામરૂપે, *તરત નજીકના કુટુંબના સદસ્યોને* (માતાપિતાઓ, નાનાંબાળકો, પતિપત્નીઓ, સંતાનો અને ભોગ થનારના ભાવિ પતિ કે પત્ની, જેણે ગુનાને થતો જોયો હોય) ખર્ચા માટે રકમ પાછી વાળી આપવામાં આવશે. ગુના થવાના સમયે ગુનાના ભોગ બનનાર વ્યક્તિના ઘરમાં રહેતી વ્યક્તિ અથવા ગુનાના ભોગ બનનાર વ્યક્તિ સાથે ઓછામાં ઓછું બે વર્ષ સુધી જે, પતિપત્નીના, સંતાનના, માતાપિતાના અથવા બાળકના સંબંધ રૂપે રહ્યું હોય એ પણ, આના માટે લાયક ગણાશે.

*જે ખર્ચાઓને ભરપાઈ કરવામાં આવશે એમાં* સમાવેશ થશે :

- ફરીથી સ્થાન બનાવવા માટે/ફેરફેરના ખર્ચાઓ (ગુનાના ભોગ બનનારે એમના ઘરને બદલવું જોઈએ)
- ઘરની સુરક્ષાની સ્થાપના અથવા એ માટે સુધારાઓ (ઘરની રક્ષામાં સુધારો લાવવો)
- માનસિક સ્વાસ્થ્યનો ઉપચાર અથવા ગુનાના ભોગ બનનારાઓ અને એમના કુટુંબના સદસ્યો માટે સલાહ ઉપલબ્ધ છે.
- ગુનાના ભોગ બનનાર માટે મૅડિકલ (તબીબી) અને ડૅંટલ (દાંતની સારવાર) ખર્ચાઓ
- ઈજા થવાના કારણે પગાર (વેતન) ગુમાવવો
- રોગી કે અક્ષમ, ગુનાના ભોગ બનનાર વ્યક્તિઓના આધારનું નુકસાન
- અન્ત્યવિધિ અને/અથવા દફનના ખર્ચાઓ

સ્થાન બદલવા અને હેરફેર કરવા માટે અથવા ઘરની સુરક્ષા માટેના ખર્ચાઓ માટે *ભંડોળ ઉપલબ્ધ છે,* જો કાયદાના દબાણો અથવા માનસિક ચિકિત્સા આપનાર અધિકૃત રીતે જાહેર કરે કે સુરક્ષા માટે અથવા ગુનાના ભોગ બનનારના માનસિક સ્વાસ્થ્ય માટે આ ખર્ચાઓ આવશ્યક છે.

ગુનાના કારણસર કોઈ બાળકને હૉસ્પિટલમાં જવું પડે અથવા બાળકનું મૃત્યુ થઈ જાય, તો એના *માતાપિતાઓ અથવા વાલીઓ* (દેખભાળ કરનારાઓ) ને 30 દિવસના ગુમાવેલા પગાર (વેતન) પાછા વાળવામાં આવશે.

કાયદાનુસાર પરાધીન પુખ્તવયની વ્યક્તિ/પતિ અથવા પત્ની અથવા સગીરને, અઢાર વર્ષનો/વર્ષની થાય ત્યાં સુધી વધારેમાં વધારે પાંચ વર્ષ સુધી *આધાર ગુમાવવાના નુકસાનને* ભરપાઈ કરવામાં કે પાછું વાળી આપવામાં આવશે. એક ગુનાના પરિણામે, બધા બીજી પંક્તિના ભોગ બનેલાઓને, 70,000 ડૉલરથી વધારે કુલ રકમ આપવામાં નહીં આવે.

વ્યક્તિગત અરજી કરનારાઓને *વધારેમાં વધારે* 70,000 ડૉલર કુલ વાળી આપવામાં આવશે.

ગુનાના ભોગ *બનનારાઓ* અથવા એમના કુટુંબના સદસ્યો ટોલ-ફ્રી (કર વગરની) હોટલાઈનને 1-800-777-9229 પર ફોન કરી શકે છે જેથી વધારે માહિતી મળે અને મદદ માટે અરજી મળે. બધી ભાષાઓ માટે ગોઠવણ કરવામાં આવશે. તાંભળવાનું નવળું પડી જાય તો કૃપા કરી કેલીફોર્નિયા રીલે સેવાને 1-800-735-2929 પર ફોન કરો.

*બંને ટોલ-ફ્રી* લાઈનો, સવારે 7 થી રાતે 9 સુધી, ખુલ્લી હોય છે. શનિવાર અને રવિવારે પણ લાઈનો પર, સવારે 9 થી સાંજે 5 સુધી, કર્મચારીઓ હાજરી આપશે.